**નામદાર મુખ્ય સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. માળીયા હાટીના.**
**રેગ્યુલર દિવાની દરખાસ્ત નંબર–૪૪/૨૦૨૧ ના કામે આંક–૦૧ નું સાંધણ...**

---

## –:: હુકમ ::–

હાલનાં કામે વાદી/હુકમનામાનાં લેણદાર દ્વારા તા.૦૯/૧૨/૨૦૨૧ નાં રોજ રે.દિ.મુ.નં.૩૬/૨૦૦૯ નાં દાવાનાં હુકમનામાની અમલવારી થવા હાલની દરખાસ્ત પ્રતિવાદીઓ સામે દાખલ કરતાં, પ્રતિવાદીઓ સામે નોટીસો કરતાં પ્રતિવાદી નં–૧/૧ થી ૧/૯ નાંઓને આંક–૪ અને પ્રતિ. નં–૩ નાંઓને આંક–૬ થી બજીને તેમજ પ્રતિ. નં–૨ નાંઓએ નોટીસ સ્વીકારવાનો ઈનકાર કરેલ છે તેવા શેરા સાથે આંક–૮ થી પરત આવતાં રજુ થયેલ છે. ત્યારબાદ પ્રતિ. નં–૨ નાંઓને ફેર મુદત તા.૦૬/૦૧/૨૦૨૩ ની નોટીસ કરતાં સદર નોટીસ બજીને પરત આવતાં રજુ થયેલ છે. ત્યારબાદ હાલનાં કામે અત્રેની કોર્ટ દ્વારા જૂનાગઢ કલેકટરશ્રી, જમીન શાખાને અત્રેની કોર્ટનાં હુકમ મુજબની અમલવારી અંગેનો રિપોર્ટ રજુ કરવા અનેક પત્રો પાઠવેલ. ત્યાર બાદ હાલનાં કામે મામલતદારશ્રી, માળીયા હાટીના દ્વારા અત્રેની કોર્ટનાં હુકમ મુજબ વાદીનાં ૧/૪ ભાગનાં હિસ્સાની જમીનનો કબ્જો તા.૨૮/૦૩/૨૦૨૫ નાં રોજ સોંપીને જાનુડા ગામનાં હકકપત્રકે નોંધ નં.૧૭૩૪ દાખલ કરાવ્યાં અંગેનો લેખિત રિપોર્ટ તા.૨૬/૦૯/૨૦૨૫ નાં પત્ર નં.જમીન/વશી/૧૨૦૯–૧/૨૦૨૫ થી અત્રેની કોર્ટમાં આંક–૨૭ થી રજુ કરેલ છે અને તે સાથે કબ્જા પાવતી, રફ સ્કેચ, પંચ રોજકામ, ગામ નમૂનો નં–૮(અ), ૦૭ તથા હકક પત્રક નં–૬ વાળા દસ્તાવેજોની નકલો માર્ક ૨૭/૧ થી ૨૭/૭ સુધી રજુ કરેલ છે. આમ, હાલનાં કામે હુકમનામાંની સંપૂર્ણ અમલવારી થઈ ગયેલ હોય તેવું મામલતદાર કચેરીનો તા.૨૬/૦૯/૨૦૨૫ નો ઉપરોકત રીપોર્ટ જોતા સ્પષ્ટ જણાય આવે છે. ત્યારબાદથી આ કામે પક્ષકારો કે તેમનાં વકિલશ્રી અત્રેની કોર્ટમાં હાજર રહેલ નથી કે વાદી પક્ષેથી કોઈ રિપોર્ટ રજુ કરેલ નથી કે દરખાસ્ત પરત ખેંચવા અંગે આગળની કોઈ ઘટતી કાર્યવાહિ હાથ ધરેલ નથી.

આમ, ઉપરોકત સમગ્ર હકિકત ધ્યાને લેતાં આ કામે આંક–૨૭ થી રજુ થયેલ રિપોર્ટ મુજબ રે.દિ.મુ.નં.૩૬/૨૦૦૯ નાં કામનાં હુકમનામાં મુજબ વાદીને તેમનાં હિસ્સાની જમીનની કબ્જા સોંપણી કરીને રેવન્યુ રેકર્ડમાં તેની નોંધ પણ દાખલ કરવામાં આવેલ હોય જેથી સદર દરખાસ્ત આગળ ચલાવવા કોઈ કારણ રહેતું ન હોવાથી, હુકમનામાની અમલવારી થઈ ગયેલ હોય હાલની દરખાસ્ત ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ તારીખ : ૨૫ મી માહે : માર્ચ સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

**સ્થળ :** માળીયા હાટીના.
**તારીખ :** ૨૫/૦૩/૨૦૨૬.

**( બી. વી. ગોહિલ )**
**મુખ્ય સિવિલ જજ ,**
**માળીયા હાટીના**
**( કોડ નં. જીજે–૦૧૪૫૬ )**